## સંશોધન નિયામકશ્રીની કચેરી
### આણંદ કૃષિ યુનિવર્સિટી
### આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધો: ૧. સભ્ય સચિવશ્રી (ઇ-ટેન્ડર કમિટી)નો તા.૩૧/૧૨/૨૦૨૧નો પત્ર

૨. ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક – ઉક/સખ/પૂર્વ મંજુરી/૧૭૨૬૦૨૬ તા.૧૯/૦૬/૨૦૨૧

# પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભિત પત્ર-૨ મુજબ GeM બહારથી ખરીદી કરવા માટે મળેલ NOC તેમજ સંશોધન અખતરાઓ અને વિધાર્થીઓના પ્રાયોગિક કાર્યો પર વિપરીત અસર ન પડે તે હેતુસર યુનિવર્સિટી હિતાર્થે ઇ-ટેન્ડર (**ID:427548**)ની અવધિ તા.૦૧/૦૧/૨૦૨૨ની અસરથી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધી ખાસ કિસ્સામાં લંબાવવામાં આવે છે.

આ મંજુરી સદર ઇ-ટેન્ડરમાં ભાગ લેનાર પાર્ટીઓની સંમતિ ધ્યાને લઇને આપવામાં આવે છે. વધુમાં, ત્રણ પાર્ટી **Dutt Enterprise, Nadiad ; Sukrut Life Sciences, Ahmedabad** અને **Astron Chemicals, Ahmedabad** એ સંમતિ આપેલ ન હોઇ તેમની ટેન્ડર અવધિ પૂર્ણ કરવામાં આવે છે.

વધુમાં, જ્યારે સદર ઇ-ટેન્ડર અંતર્ગત ખરીદી કરવામાં આવે ત્યારે ખરીદીની ફાઇલમાં આ પરિપત્રનો સમાવેશ ફરજીયાત પણે કરવાનો રહેશે.

વધુમાં, ચાલુ નાણાંકિય વર્ષ પૂર્ણ થવાનું હોઇ, યુનિટ / સબ યુનિટવડાશ્રીઓએ તમામ ખરીદી સમય મર્યાદામાં પૂર્ણ થાય તેમજ ગ્રાન્ટનો સમયસર ઉપયોગ થઇ શકે તે હેતુસર સદર અવધિ લંબાવવામાં આવેલ હોઇ જે ધ્યાને રાખી સત્વરે ખરીદીની કાર્યવાહી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

અત્રેની કચેરીની અસલ નોંધ પર માન.કુલપતિશ્રીએ મંજુરી આપેલ છે.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/૨૨૭૦૦ /૨૦૨૨

તા.૨૫/૨/૨૦૨૨

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

નકલ રવાના પ્રતિ,

1. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
2. મદદનીશ પ્રાધ્યાપક અને સભ્ય સચિવશ્રી (ઇ-ટેન્ડર કમિટી), ડીપાર્ટમેન્ટ ઓફ જીનેટીકસ એન્ડ પ્લાન્ટ બીડીંગ, બં.અ.કૃ.મ., આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.